॥ श्री गणेशायनमः ॥

શ્રી મનોરંજક નાટક સમાજ

સ્નેહ-સુધા.

નાટકનો સંક્ષિપ્ત સાર અને ગાયનો.

રચનાર.

રામનારાયણ મોહનલાલ પાઠક.

પ્રકાશક.

પ્યારેલાલ વિઠ્ઠલરાય મહેતા.

હાલ મુકામ—સુર્યપ્રકાશ થીએટર, સ્ટેશનરોડ, સુરત.

રેકમાર્ક ૧૯૭૮ ઇ. સ. ૧૯૨૨

આવૃત્તિ બીજી પ્રત ૩૦૦૦

મૂલ્ય ૪ આના.

સુરત, ભાગાતળાવ રોડપર આવેલા ધી ઇન્ડીયા પ્રિન્ટીંગ પ્રેસમાં
કંચનલાલ ચુનીલાલે છાપી.

પૂર્વ વૃત્તાંત.

વિજયદુર્ગના રાજા અમળસિંહની રૂપવતી કુંવરી સુધાના હાથની માંગણી રાજા જયસિંહે અનેક વખત કરેલી પણ તેને ના પાડવામાં આવી તેથી તે પોતાનું અપમાન થયું સમજી અમળસિંહને ત્રાસ આપવા ઘણા વખતથી તૈયાર થઈ રહેલો હતો. એક દિવસે વિજયદુર્ગ તથા ઈંદ્રગઢની સરહદ ઉપર બહારવટીઆઓએ તોફાન કરી લુટફાટ ચલાવવી શરૂ કરી અનેક અનાથો, જાનો, પ્રવાસીઓને રોકી રાખી કોઈના નાક કોઈના હાથ પગ કાપી અત્યંત ત્રાસ વર્તાવી લુંટ કરતાં હતા તેવામાં મોસાળમાંથી પાછી પોતાના માબાપ પાસે જતી સુધા ત્યાં આવી ચઢી. સુધાના માણસોને તથા બહારવટીઆઓને લડાઈ થઈ તેવામાં ઈંદ્રગઢમાંથી બ્હારે ચડેલ જયસિંહ પોતાના લશ્કર સાથે આવી ચડ્યો. ભાવતુ હતું ને વૈદ બતાવ્યું. સુધાના ઉમેદવારના હાથમાં સુધાજ સપડાઈ. પછી બીજું શું જોઈએ? સુધાને પકડી "કેદખાનામાં પુરી દેવામાં આવી અને દુનિયામાં અન્યાય ન ગણાય માટે, બહારવટીઆને મદદ કરવામાં તમારોજ હાથ છે અને સાબીતીમાં તમારીજ કુંવરી છે. કુંવરીએ આજે બહારવટીઆઓ સાથે મળીને અમારી સરહદમાં તોફાન કરી અમારા

નિર્દોષ સૈનિકોના રૂધિર રેડયા છે. અને એ ભયંકર ગુન્હા માટે તેને હાલ તુરત તો કેદ કરવામાં આવેલ છે." આવો ખોટો આરોપ અબળસિંહ ઉપર મુકી તેની પાસે દંડ માગ્યો. રાજા અબળસિંહ વ્યસની તથા મુર્ખ હતો. તેણે આ વાતની જરાપણ દરકાર ન કરી ત્યારે રાણી ભવાનીએ જયસિંહે માગ્યા મુજબ દંડની રકમ મોકલી આપી. છતાં પણ સુધાનો છુટકારો નજ થયો તેથી રાણી ભવાનીએ પોતાના વિશ્વાસુ સરદાર સ્નેહસિંહને થોડાક સૈનિકો સાથે સુધાને છોડાવી લાવવા માટે ઇંદ્રગઢ તરફ રવાના કર્યો આટલી બીના બની ગયા પછી ઇંદ્રિગઢના કારાગૃહમાં સુધાપર જયસિંહ તરફથી ત્રાસ વર્તાવવામાં આવે છે ત્યાંથી આજના નાટકની શરૂઆત થાય છે.



શ્રી ગણેશાયનમઃ

સ્નેહ—સુધા.

નાટકની પ્રવેશવાર ટુંક હકીકત.

અંક ૧ લો.

મંગળાચરણ.

પ્રવેશ ૧ લો:—ભયંકર કારાગૃહ-કેદી અવસ્થામાં દુઃખી થતી સુધા પોતાના હૃદયના દુઃખભારને શોકના આંસુથી ઓછો કરવાની વ્યર્થ કોશીષ કરતી દેખાય છે ત્યાં રાજા જયસિંહે મોકલેલી દાસી વસ્ત્રભુષણ લઈને આવે છે. અને સુધાને હઠ પડતી મુકી જયસિંહની પ્રેમ માંગણી કબુલ રાખવાને સમજાવે છે. સુધા, દાસીનું અપમાન કરે છે; જયસિંહ આવે છે, પોતાની માનીતી દાસીનું અપમાન થતું જોઈને વધારે ચીડાય છે, ને સુધાને હેરાન કરવા તૈયાર થાય છે. સુધા તેને પણ સખ્ત શબ્દોથી તીરસ્કાર આપે છે. જયસિંહ વધારે ચીડાય છે પણ સુખનો ઉમેદવાર જયસિંહ સુધાને પોતાની સ્ત્રી બનાવવાના લોભથી, વધારે સખ્તાઇ ન કરતાં, પોતાના સૈનિ-

કોનો સખત પહેરો મુકી સુધાને બીજે દિવસે પોતાના શયનગ્રહમ આવવાનું ફરમાન કરી ચાલ્યો જાય છે. પાછળથી પોતાનું શિયળ સાચવવા ખાતર સુધા મરવા તૈયાર થાય છે, તેવામાં સ્નેહસિંહ આવી ચડે છે, અને સૈનિકોને મારી સુધાને લઈ ચાલ્યો જાય છે.

પ્રવેશ ૨ જો:—કોમીક–લલિતાને નિશાળેથી આવતા વિલંબ થયો છે તેથી તેનો બાપ ચિંતા કરે છે ને તેને શોધવા જાય છે જુવાનીમાં દિવાની બનેલી લલિતા આવે છે ને પોતાના પ્રેમના ઉભરા કાઢે છે ત્યાં વૈદરાજ શોધ કરતાં ક્યાંઇ પતો ન લાગવાથી પાછા ઘેર આવે છે. લલિતાને ફરીથી સ્કુલમાં ન જવાનું કહે છે ને તેનું દફતર લઇ લે છે. દફતરમાંથી લલિતાના પ્રેમી વામનનો ફોટો નીકળે છે તે જોઇને વૈદરાજ ચીઢાઈ છે, અને એ બદમાશને પોલીસ પાસે પકડાવીને હેરાન કરવાનો વિચાર કરે છે. લલિતા વામનને ટેલીફોનથી આ હકીકત જણાવે છે. વામન એક દર્દી તરીકે આવે છે. વામન વૈદરાજને ઓળખતો નથી તેથી વધારે ગોટાળો થાય છે અને વૈદરાજ દવા લઈ આવવાને બહાને પોલીસને બોલાવવા જાય છે પાછળથી લલિતા આવે છે અને વામનની સાથે બહારગામ ન્હાશી જાય છે.

પ્રવેશ ૩ જો:—સખત પહેરામાંથી સુધા છટકી જવા પામી તેથી જયસિંહ વધારે ઉશ્કેરાઇ જાય છે. જેલરને દેહાંત દંડની શીક્ષા કરે છે અને અબળસિંહ ઉપર દુત મોકલી કેદીને સોંપી દેવા અથવા તો યુદ્ધનું આમંત્રણ સ્વિકારવાનો સંદેશો કહેવરાવે છે.

પ્રવેશ ૪ થો:—રાજમહાલયનો એક ભાગ—સ્નેહ સુધાનો વાર્તા વિનોદ. રાણી ભવાની આવીને સુધાનું વેશવાળ સ્નેહસિંહ સાથે થયું તેની ખુશાલીમાં સ્નેહસિંહને પહેરામણી આપે છે અને લગ્નનું પણ સહજ સુચન કરે છે.

પ્રવેશ ૫ મો—રાજ્ય મહેલનો બગીચો—વ્યસની રાજા અબળસિંહે પોતાના ખુશામતીઆ સાથીઓ સાથે વડારણોનાં ગીત સાંભળતો હોય છે ત્યાં જયસિંહે મોકલેલ દુત આવે છે, ને આજ્ઞા પત્ર આપે છે. વીરતાનું જેનામાં નામ નથી એવો અફીણીઓ રાજા અબળસિંહ, જયસિંહના કહેણથી ગભરાય છે અને સુધાને તથા તેને બચાવી લાવનાર સ્નેહસિંહને સોંપી દેવાનો હુકમ કરે છે. રાણી ભવાની આવે છે અને આ વાત સાંભળતાં રાજાપર ચીડાઈ જાય છે રાજા અબળસિંહને રાજ્યાસનને માટે નાલાયક સમજી તેને માથેથી તાજ લઈ લે છે અને પોતેજ પોતાની સત્તાથી લડાઈનું કહેણ સ્વીકારે છે. દૂતને વિદાય કરે છે. રાણી સ્નેહસિંહને બોલાવી સર્વ હકીકતથી વાકેફ કરે છે. સ્નેહસિંહ આનંદથી સમરાંગણ ખેડવા તૈયાર થાય છે. રાણી ભવાની પોતાના પતિ અબળસિંહને પરાણે લડાઈમાં મોકલે છે અને પોતે જાતે પણ મેદાને પડવા તૈયાર થાય છે.

પ્રવેશ ૬ ઠો—રસ્તો—હાશી આવેલા વામન તથા લલિતા આવતી ટ્રેનમાં ઉપડી જવાની તૈયારીમાં દેખાય છે ત્યાં વૈદરાજને થાપ આપી લલિતાને લઈને વિદાય થઈ જાય છે.

પ્રવેશ ૭ મો:—વિજયદુર્ગ–લડાઇના મેદાનમાંથી ન્હાસી આવેલ અબળસિંહ તથા માવો દરવાનને દરવાજો ઉઘાડી પોતાને અંદર લેવા માટે વિનવે છે પણ રાણીનો સખ્ત હુકમ હોવાથી દરવાન દરવાજો ઉઘાડતો નથી, રાજા દરવાનને વિનવતો હોય છે. ત્યાં યુદ્ધ નીહાળવા માટે કીલ્લા પર આવી ચડે છે ને અબળને ન્હાસી આવેલો જોઈ તેનો તીરસ્કાર કરે છે, રાણી બંનેને કીલ્લાની અંદર આવવા દેવાનો હુકમ કરે છે ને પોતે મેદાન તરફ જવા તૈયાર થાય છે. જયસિંહ પોતાના લશ્કર સાથે ધસી આવે છે ને કીલ્લાપર હલ્લો કરે છે સ્નેહસિંહ સામે થાય છે ને પ્રચંદ યુદ્ધ થાય છે. સ્નેહસિંહ પરાજય પામે છે પણ રાણીની તથા સુધાની વખતસરની મદદથી બચી જાય છે. છેવટે જયસિંહ હારે છે. ને તેને પકડી લેવામાં આવે છે.

ટેબ્લો.

અંક બીજો.

પ્રવેશ ૧ લો:—રાણી ભવાનીએ ભરેલો વિજય દરબાર–વિજયના હર્ષની વધાઈમાં રાણી ભવાની સ્નેહસિંહને વિજયદુર્ગના રાજ્ય રક્ષકની સત્તાથી વિભુષિત કરે છે અને સ્નેહ–સુધાના લગ્ન પણ અહીંજ થાય છે, પરંતુ શુભ પ્રસંગમાં બધું શુભજ થવું જોઈએ તેથી પરોપકાર વૃત્તિવાળી રાણી, જયસિંહને બોલાવી મંગાવે છે અને ફરીથી આવી ઉદ્ધતાઈ ન કરવાની શરતે તેને બંધન મુક્ત કરી ખરા ક્ષત્રીવટનો ઉત્તમ પડઘો પાડે છે. જયસિંહ કપટ ભાવથી નમી જાય છે. સુધાને પહેરામણી આપે છે. સ્નેહ—સુધાના લગ્ન.

પ્રવેશ ૨ જો:—ધર્મશાળ - ટ્રેનમાંથી ઉતરી લલિતા તથા વામન એક ધર્મશાળામાં પોતાનો મુકામ કરે છે; કયાં રહેવું અને શું ધંધો કરવો એ વાતનો વિચાર કરતાં કરતાં સરસામાન પડતો મુકી બહાર ફરવા ચાલ્યા જાય છે. પાછળથી ધર્મશાળામાં ઉતરેલા બે મવાલીઓ એમનો પડી રહેલો સામાન લઈ જતાં ભાગ પાડવામાં લડી પડે છે. મારામારીમાં એકનું ખુન થાય છે. બીજો ગભરાઈને ન્હાશી જાય છે. લલીતાને વામન આવી ચડે છે. શહેરની રચનાનાં વખાણુની વાતો કરતાં હોય છે ત્યાં પરદેશી મુસાફરોની તપાસ કરવા કોટવાળ આવી ચડે છે બંનેના નામ ઠામ પુછતાં વામન તરફથી

કંઈક ઉદ્ધત જવાબ મળે છે. કોટવાલ મરી ગએલ મવાલીને ઉઠી ગયેલ માણસ સમજી વામનને તેની માહીતી મેળવવા માટે પુછે છે. વામન આડો જવાબ આપે છે. કોટવાળ જાતે તપાસ કરે છે. મુડદું જોઇ આ બંનેને ખુની તરીકે પકડી લે છે. લલિતાના નખરાથી કોટવાળ અંજાઈ જાય છે ને તેને છુટી રાખે છે.

પ્રવેશ ૩ જો—જયસિંહનો મ્હેલ—હાર્યો જુગારી બમણું રમે એ પ્રમાણે જયસિંહ વધારે ઉશ્કેરાય છે, વૈરની આગમાં તેનું અંતર અહોનિશ સળગ્યા કરે છે અને સુધાને વશ કરવાના અનેક કાવાદાવા રચે છે. આજે એક નવો પ્રપંચ રચાય છે. જયસિંહે હૃદયની મુંઝવણથી આપઘાત કર્યો છે અને પોતાના વારસ તરીકે સ્નેહસિંહને રાજ્યગાદીએ બેસાડવો એવો મરતી વખતે કરાર લખી ગયો છે. એવા જૂઠા સમાચાર વિશ્વાસુ સેનાપતિ સાથે રાણી ભવાનીને એક બાજુથી કહેવરાવવામાં આવે છે. અને બીજી બાજુથી પોતાની પ્રપંચજાળ પાથરી સુધાને તથા સર્વને કેદ કરવાનો તાગડો રચવામાં આવે છે. આ કામ પાર ઉતારવાના બદલામાં જયસિંહ સેનાપતિને મોટી આશા આપે છે, સેનાપતિ વિજયદુર્ગ તરફ રવાના થાય છે.

પ્રવેશ ૪ થો—સ્નેહ સુધાનું રંગ ભુવન--પ્રેમી દંપતિ પ્રેમની મીઠી વાતોમાં મશગુલ થયાં છે તેવામાં રાણી ભવાની તથા જયસિંહ નો કપટી સેનાપતિ આવે છે. કપટ પત્ર સાચો માની જયસિંહના મરણ સમાચારથી સર્વે દીલગીર થાય છે અને પત્રની હકીકત ઉપરથી ઇંદ્રગઢ તરફ વિદાય થાય છે, પાછળથી કરી રાખેલ સંકેત

૧૦૬૯૦

પ્રમાણે સૈનિકો સાથે સરહદ ઉપર આવીને છુપાઈ રહેલો જયસિંહ ત્યાં આવી ચડે છે. સુધાને શરણ થવાને કહે છે. સુધા જયસિંહને હૃદય પીગળાવી નાખે એવા શબ્દોથી વિનવે છે પણ કામાંધ જયસિંહ કશું સમજતો નથી. સુધા હિમ્મતથી તેની સામે થાય છે, પણ એક અબળા ઘણા ચાંડાલો પાસે શું ફાવે ? સુધા સપડાઈ જાય છે.

પ્રવેશ ૫ મો—અણીયા અમળસિંહને જયસિંહના સિપાઇઓ કેદ કરીને લઈ જાય છે.

પ્રવેશ ૬ ઠો—કોમીક. જેલનો કમ્પાઉંડ–પ્યાર કરતાં દુઃખમાં પકડાઇ પડેલા વામનલાલની સ્થિતિનું દિગ્દર્શન, લલિતા આવી તેને દિલાસો આપે છે, જેલર આવે છે. લલિતા ચાલાકી વાપરી જેલરનું મન મેળવે છે અને પોતાના બાપને બોલાવવાનું કહે છે. જેલર તેમ કરે છે. વૈદરાજ આવવાની વાત સાંભળી વામન ગભરાય છે પણ લલિતા વામનને દિલાસો આપી તેને છોડાવવાનું વચન આપે છે. વૈદરાજ આવે છે, લલિતા પર ચિડાય છે લલિતા પોતાના બાપને પૈસાના લોભથી પોતાના પક્ષમાં લે છે અને કોટવાળને થાપ આપી વામનને છુટો કરવાની યુક્તિ રચે છે.

પ્રવેશ ૭ મો—જયસિંહનું કપટ ભૂવન–છળ પ્રપંચની યુક્તિના હથિયાર તરીકે એક નિર્દોશનું ખુન કરી તેના સબને જયસિંહના બદલામાં મુકવામાં આવ્યું છે. જયસિંહના કપટી અનુચરો ઢોંગથી સર્વત્ર શોકની છાયા પ્રસારી રહ્યા છે તેવામાં વિશ્વાસઅંધ રાણી ભવાની તથા

સ્નેહસિંહ આવે છે. હૃદયની દીલગીરી બતાવે છે. શોકમાં ગીરફતાર થએલા આ ભોળા અને ઉદાર રાજવંશીઓને સેનાપતિ પ્રપંચથી કેદ કરે છે. રાણી ભવાની આ પ્રપંચથી ત્રાસ પામે છે. જયસિંહ જાહેર થાય છે. રાણી તેને નીતિનો ઉત્તમ બોધ આપે છે પણ પત્થર ઉપર પાણી, જયસિંહને કાંઇ અસર થતી નથી, સ્નેહસિંહના દુઃખમાં વધારો કરવા બંદિવાન સુધાને લાવવામાં આવે છે, આપ્તજનો ઉપર આવું અસહ્ય સંકટ જોઈને રણમર્દ સ્નેહસિંહ શુરાતનના આવેશમાં આવી જાય છે, લોખંડની સાંકળોને કાચા સુતરના તાંતણા માફક નિમેષ માત્રમાં તોડી નાંખીને જયસિંહ ઉપર ધસે છે પણ લાચાર બની જાય છે ને સુખી કુટુંબ ઉપર દુઃખનું વાદળ છવાઈ રહે છે.

ટેબ્લો.



અંક ત્રીજો.

પ્રવેશ ૧ લો—કારાગ્રહ–દુઃખમાં રીબાતા રાજકુટુંબીઓની દયાજનક સ્થિતિ. સેનાપતિ આવે છે અને ત્રાસ વર્તાવે છે. સહુ કોઇ તેને ક્રુર ન થવા વિનવે છે. રાજ્ય લોભથી અંધ બનેલ સેનાપતિ સમજતોજ નથી તેને સમજાવવાની દરેક કોશીષ પ્રથમ તો વ્યર્થ જાય છે. પણ જયસિંહ ઉપકારનો બદલો અપમાનથી વાળે તેવો છે એમ ભવાનીના અનુભવ યુકત દ્રષ્ટાંતથી સેનાપતિનું હૃદય કંઇક વળે છે. રાણી ભવાનીએ દયા બતાવીને જયસિંહને છુટો કર્યો હતો તે ઉપકાર કરવાના બદલા તરીકે જયસિંહે જીવીતદાન દેનારનેજ મરણના મુખ માં સપડાવેલાં જોઇને સેનાપતિ પોતાને આપેલી આશાઓ માટે સંકાશીલ બને છે, પીગળતા હૃદય ઉપર સદ્બોધનું વધારે સિંચન થાય છે અને સેનાપતિનું હૃદય વળી જાય છે સેનાપતિ સર્વને જીવતદાન આપી છુપાવી રાખે છે, રાજા જયસિંહ આવે છે તેનું મન જોવા ખાતર સેનાપતિ સર્વનો વિનાશ કર્યો એમ કહે છે કે તરતજ રાજા સેનાપતિને પકડી લેવાનું કહે છે. બહાદુર સીપાહી બચ્ચો ખરી વીરતા દાખવે છે, અને સ્નેહસિંહની મદદથી જયસિંહને કેદ કરવામાં ફળીભૂત થાય છે.


પ્રવેશ ૨ જો—હાસ્ય વિભાગની પુર્ણાહુતિ.

પ્રવેશ ૩ જો—અબળસિંહને પ્રધાનના હુકમથી છુટો કરવામાં આવે છે. મુર્ખની મુર્ખતા.

પ્રવેશ ૪ થો—પ્રેમીજોડાંનો પ્રેમાલાપ.

પ્રવેશ ૫ મો—ઇંદ્રિગઢનો રાજદરબાર—જયસિંહનો ન્યાય. સ્નેહ-સિંહને ગાદી સોંપવામાં આવે છે.

આનંદ.



નાટકના મુખ્ય પાત્રો.

પુરૂષ વર્ગ.

સ્નેહસિંહ—વિજયદુર્ગનો રક્ષક, સુધાનો પતિ.
જયસિંહ—ઇંદ્રગઢનો રાજા.
અબળસિંહ—વિજયદુર્ગનો રાજા. (વ્યસની)
માવો—અબળસિંહનો ખુશામતીઓ ખવાસ.
સેનાપતિ—જયસિંહનો.
વૈદરાજ—લલિતાનો બાપ.
વામન—લલિતાનો પતિ

સ્ત્રી વર્ગ.

સુધા—સ્નેહસિંહની પત્નિ, અબળસિંહની કુંવરી.
ભવાની—સુધાની મા.
લલિતા—વામનની સ્ત્રી.
શિવાય દાસ, દાસીઓ, દરબારીઓ, વારાંગનાઓ, કોટવાળ, સીપાહીઓ, સૈનિકો ઇત્યાદિ.
સ્થળ—વિજયદુર્ગ, ઇંદ્રગઢ તથા તેની નજીકનું જંગલ.

સ્નેહ—સુધા.

નાટકનાં ગાયનો

મંગળાચરણ.

(૧)

સુત્રધાર—આનંદ આજે છાયો સકળ સ્થળ
ગાતાં પ્રભુ ગુણ પુર્ણ ઉમંગ ધરી આનંદ૦
અકળ અગમ કૃતિ રતિ અતિ રસભરી
જગત સકળ મહીં રહી વિસ્તરી;
કર્તા હર્તા જગના, ફુલવતી સહુ તુજ રચના
તારે આધારે સહુકો ચાલે સુખે મ્હાલે
હે જગ નાયક! શ્રી વર દાયક!
સ્હાય કરજો વિઘ્ન હરજો. આનંદ૦

(૨)

બાળાઓ—ધર્મ કર્મ કરનારા કીર્તિ વિમળ વરનારા
પામી અભય જગ જલધી એ પાર તરનારા

વિષયપાન કરનારા વિષ માંહીં સડી મરનારા
મોંઘું આ મનુષ્ય જીવન ક્ષણમાં એ ધુળ કરનારા
પાપ પંથમાં પાપી પડી ફટફટ થઈ ફરનારા
જગમાં દુષ્ટ દુઃખ પામી વિણ મ્હોતે અંતે મરનારા

(૩)

સુશ્યા સુંદરી—વિશ્વાધાર પ્રભુ પ્યારા !
દીનાનાથ દીનબન્ધુ
કરૂણાના ભંડાર.... વિ૦
સુખને ન દેખું આરો
વિપદ વાદળ આ વિદારો
કરીને વ્હાર કરજો ઉદ્ધાર
સંકટ વિકટ શિરે આ આવ્યું
બ્રાંહ્ય ગ્રહોને કિરતાર.

(૪)

લલીતા—આવ્યું જોબનીયું આવું શા માટે મસ્તાન
હું દિવાની બની. દીવાની બની.... આવ્યું૦
મીઠું રસીલું દર્દ મુજને કંઇ થાય છે
દર્દે દુખાઇ મારૂં મનડું મુંઝાય છે
શું કરૂં ઉપાયના મારાથી સમજાય.... હું૦

એળે જુવાની મારી ચાલી આ જાય છે
જોબન વનમાળી વીના ખીલી કરમાય છે
લ્હાણુ ના લેવાય સ્નેહ સાગર સુકાય હું૦

(૫)

લલીતા—કામણગારા કામણ આ કેવું કીધું
ચિત્ત મારૂં ચોરી લીધું [૨]
મીઠી વાણી સુણાવી પ્રેમ વચને લોભાવી
મારૂં જીવન પરવશ બનાવી દીધું....કામણ.

વામન—જીવતર છે ધન્ય તેનું ગુણવંતી ગૌરી સંગે
હશે જેણે પ્રેમપાન પીધું

લલીતા—મનડું મસ્તાન તેં બનાવ્યું મોહબાણથી
વચને વેચાતું લઈ લીધું

વામન—વાહ વાહ.

લલીતા—તારૂં બનાવી તેં તો દીધું.

નાચનારીઓ— (૬)

હઠછોડ સખી ચલ સંગ મેરે, તાહે વૃજમેં કાન બુલાવત હય.
નહીં તુમ બીન વાંકો ચયન પરત નહિ ખાનપાન કચ્છુ ભાવત હય

મોર મુગટ નહીં પહેનત હય, નહીં અંગ સુગંધ લગાવત હય,
નહિં ધેન ચરાવત જાત સખી વોહે બંસી નાદ ન ભાવત હય.
કયું એસો હીયો તેરી કઠીન ભયો તોહે લાજ શરમ નહીં આવત હય.
જાકો જોગી જન ધ્યાન ધરત બ્રહ્માદીક પારન પાવત હય.
તોરી પ્રિતમે ભુલ ગયો પ્રભુતા તકસીર વો માફ કરાવત હય,
એક બાત ન જુઠ કહું સજની અબ કયા ઈતનો તરસાવત હય.
પ્રિયા માધોસેં એંગે મીલો, પ્યારી વોતો તેરીહી નાજ ઉઠાવત હય.

(૭)

સખીઓ—સાહેલી તારા જોબનની જામી શી બ્હાર !
અનુપમ શું રૂપ તારૂં ખીલ્યું અપાર
બની બાળા નીરધાર સકળ લોક તણો સાર
અવની ઉપર અવતરી તું રતીનો અવતાર
રૂપ તારૂં ન્યાળી સહુ ભાન ભુલી જાય
દેવ દાનવ માનવ વરવાને લલચાય
ચટક ચાલે ફરતી દુનિયા દીવાની કરતી
અપ્સરા થકી અધીક સજતી શણગાર.... અનુ.

સુધા—ત્યારે શું મારાથી વિશેષ રૂપવાન રામા બીજી
કોઈ છેજ નહીં.]

સખીઓ—ભલે રૂપવંતી રામા આ અવનીમાં હોય
તોય તુજ રૂપની તુલના કરી શકે ના કોય

સુધા—શરમાવો શું સાહેલી
સખી—ગુણવંત ગોરી ઘેલી
સુધા—હવે મશ્કરી દો મેલી
સખી—અરે વાહરે અલબેલી
જોબન જોર જામ્યું જખમ કામીને કરનાર. અનુ.

(૮)

સખીઓ—સખી જઈ પ્રીતમને મળજે
રસભીના સંગે રંગે તું અઢળક થઇ ઢળજે, સખી.
સુધા—શરમ સતાવે શૉકય થઈને મુખથી નવ બોલાય
સખીઓ મન મારૂં મુંઝાય
સખીઓ—મનગમતાં મોહનવર મળતાં મુંઝવણ સહુ
મટી જાય-તારી મુંઝવણ સહુ મટી જાય
સખી તારા તનમાં ટાઢક થાય. સખી.

(૯)

સુધા— દૈવત સાચું આ સંસારે
પ્રીતમ નામ સદાય અમારે
શુભ સંસારનો એ સાર— દૈવત.

(૧૦)

સુધા— ગરજે ઘેલા શું થાઓ છેલડા
મોહન મારા જાવો દુર ઘેલડા
સ્નેહ— આવોજી આવો શું શરમાવો
પાન પ્રીતીનાં પીઓને પાઓ
સુધા— આઘા રહો અલબેલડા.... .... મોહન.
છોડોજી છોડો હું ગઈ હારી
સ્નેહ— રામા રસીલી માનોને પ્યારી
સુધા— જાઓ જાણ્યા છો મન મેલડા.... મોહન.

[૧૧]

વડારણો— વાલમ નહિરે જાવા દઊં રાજ
આજની રાતડી રાખું રે
કુંશજી કેદી બનાવું આજ
નેહના નેવલમાં નાખું રે.... .... વાલમ.

દીવસ ન જાયે દોહ્યલા, વિયોગ નહીં વેઠાય.
વીયોગની વસમી ઘડી જુગના જેવી જાય

કાળજાની કોરરે ચીતડાનો ચોરરે
હૈડાનો હારરે વ્હાલો રમાડે વિલાસમાં

ભલે હોય બોલડી જીભે હોય જોરડી
વ્હાલો રમાડે વિલાસમાં કાળજાની.

આપી અમને વાયદા, આવો નહિં મહારાજ
આવ્યા આજે હાથમાં કેમ જવા દઊં રાજ

અણધારી આ સુખની રાત મળી
બહુ દીનની આશ મારી આજે ફળી
લ્હેર લ્હેર રે વાલમજી સંગે લેશું હો લ્હેર

વામન, લલીતા— [૧૨]

વાલમજી તારી પ્રિતીની બલીહારી જીવન ધનવારી
રસીલી રંગીલી વશી છે અંતરમાં
છબીલી કામણગારી મુર્તિ આ તારી પ્યારી
પ્રિતમ પ્યાના પ્રેમભીના અંતરના આધાર
મોહન પામી મનગમતા હું ધન્ય થયો અવતાર
નવેલી નવોઢા છબીલી મીઠીશી વાણી તારી.

વામન, લલીતા— (૧૩)

ડાહ્યા ડમરા ભાભી લાગે રૂપાળા
કાલા ઘેલા લાગો છો શું રઢીઆળા

પુરૂષ તણો પ્હેરીને જાવો
ઠીક જમાવ્યો રંગ
રંગત રમશું રેશું સંગે (૨)
બન્યા તમારા ઢંગ.... .... ડાહ્યા.

(૧૪)

દરબાર—ગાઓ ગાઓ સહુ જન આનંદથી નૃપ ગુણ ગાઓ
અવીચળ તપો રાજ જય થાઓ
ધર્મે કર્મે સદા રામ સમા રાજ્યમાં
પ્રજાને પૂર્ણ સુખ આપતાં નીતી અને ન્યાયમાં
સુર્ય ચંદ્ર સમતાજ તણું તેજ જગમાંહી છાઓ

(૧૫)

રાત્રીશાગર—હાલાકે યારી વે લુટખડ્યા દીલ મેરા ડાચી વાલીયા
રબ્બા તેરીઆ દોહાઇઆ મુશકેલ કુટણેનું આઇઆં
બયઠી, પુછદી સીરાઇઆં
પતા તેરા ડાચી વાલીયા
સુતી રહે ગઈ સસી સેજ બલોચાં ને ખસી
દીલડી કોઇ ભીનદશી પાલી ફેરડાચી વાલીયા
યારાં જાઇન અગેરે જાવાં સદકે મંચ તેરે
કદી આગર મેરે હિકો ફેરા ડાચી વાલીયા હાં-લાકે.

(૧૬)

લલીતા—રસઘેલા છો પ્રીતમ પ્યારા
કામણગારા ચિત્ત હરનારા મનહર મારા વાહ.

વામન—વાહ ચટકતી ચાલ તારી
ગોરી ઘાયલ કરનારી

લલીતા—ચતુર સુજાણ છો સુખભાણ

વામન—જીવન પ્રાણ દયો સુખ લ્હાણ.... .... રસ.

લલીતા—સોના સુરજ મારે આજ ઉગ્યા
મોહન મન માન્યા હું પામી;

વામન—એમકે
પામ્યો સંસારે સુખ સાર
મન હરનાર મળી દીલદાર.... .... રસ.

(૧૭)

લલીતા—આ સ્નેહભીના શીરતાજ
પ્યાલી પીયોજી આ પ્રેમની
સ્નેહે ભરપુર છે પ્રેમનું એ નુર છે ....આ.

વામન—રંગીલો મદ્ય આ સ્નેહ ભરી ચીજ છે
પીજી તું સ્નેહભીની નાર

લલીતા—સ્નેહે સંસારનો સઘળો વ્હેવાર છે
સ્નેહ એજ સંસારે સાર

વામન—વાહ વ્હાલી વરણાગી અલબેલી અનુરાગી
છો સુંદરી સુજાણ.... .... સ્નેહભીના.

(૧૮)

લલીતા—જોઈ મીઠી મુર્તિ હું તો ગઇ છું લોભાઇ
વામન—મધુરી મીઠડી આનંદની લ્હેર હૃદયમાંહી છાઈ
મારીને મોહબાણ ઘાયલ બનાવ્યો
લલીતા—હું તો ગઈ ફંદે ફસાઇ
વામન—હાજર હુકમે દાસ તમારો
લલીતા—પ્રેમી મળ્યો આ પ્રાણ પ્યારો
વામન—રસીલી રંગીલી છબીલી નવેલી
આજે આનંદ વધાઈ જોઈ.

(૧૯)

સુધા—પ્રીતમ પ્રાણ આવો
હસીને હસાવો પ્યારીને રીઝાવો
લાલ લઈ લ્યો લાખેણો પ્રેમ લ્હાવો.... પ્રાણ.

રંગે સંગે રાત રમો
ભાવતાં ભોજન જમો
નેહભરી નજર કરી પ્રણય પાન પીઓ—
અને પાઓ.... .... પ્રાણ.

(૨૦)

સુધા—કામીજન રૂપ ઊપર સહુ મરતા રે
કુટીલતા કરતા
કરે અનીતી અધર્મ અતીશે
પ્રભુનો ડર નવ ધરતાં
પરમેશ્વર પોતાને માની
અંધ બનીને ફરતા રે
લાજ શરમને કરી પરાઈ
પાપી પગલા ભરતા
અંતે ફટફટ થઈને પાપી
વીણ મ્હોતે સહુ મરતા રે

(૨૧)

અફસર—છેતરશો નહિં હાજી
વામન—તું બગાડતી નહિં બાજી

લલીતા—રોયો પાજી અફસર, આ ઉલ્લુ લાગતો
અફસર—યુક્તિ મારી જોજો
વામન—પછી પોક મુકીને રોજો
લલીતા—રોયો પાજી અફસર આ ઉલ્લુ લાગતો
વામન—આ ગોટાળો એ ગોટાળો ગડબડ એની એ.
લલીતા—એ ગણો કે આ ગણો પણ હું તો એની એ
અફસર—(ચાલો જલદી ચાલો)
લલીતા—(બસ અમન ચમનમાં મ્હાલો]
વામન—લલીતા ખુબ બન્યાં લટકાળા
એને લઇ જાય પોલીસવાળા

[૨૨]

સ્નેહ,સુધા—દગલબાજો આ દુનિયામાં થયા નથી કોઈના ન થનાર
બધો છળકપટ ભર્યો સંસાર
સ્વારથની સઘળે મારામાર
સર્યા પછી સહુ ગણુ પોબાર........દગલબાજો.
દુધ પાશો સર્પને પણ ઝેર તેનું તો થશે
લાડ કરશો શ્વાનને પણ આખરે ભસવા ધસે
ઉપકાર કરશો નીચપર અપકાર બદલો આપશે
છે ઈશ્વરી એ કાયદો સહુ જાતપર અંતે જશે

અગ્નીની પ્રીતનો જે સાર
પ્રપંચીની પ્રિત તેવી નીરધાર
સળગતાં કરે સુખી સંસાર
દગો નાથ-સગો કોઇનો યાર.... ....દગલબાજો

[૨૩]

વામન—રામરસીલી નખરાળી તું નાજુકડી
લલીતા—ભુલાવો અમથી શું નાથ
વામન—દેતું હાથ
લલીતા—સંસારી બીગડે શ્યામાને-સંભાળી લેજો દીલદાર
સ્નેહામૃત પીને સંગે રહીશું સંસાર. રાધે.

[૨૪]

વામન—ગોરી ધીરે ચાલો જોબનીયું ઝલકાઈ જાય
ઝલકાઇ જાય મીઠો રસ છલકાય ગોરી.
લલીતા—પાલવડો મુકો મારો પાય પડું હું વ્હાલા
નવરંગ ચાર મારાં જુઓ આ ચીરાઈ જાય હાય
ગોરી.
કરગરી કહું છું હુંતો બલજોરી છોડી લાલા
પતલી કમર લચકાય હાય. ગોરી.

[૨૫]

સ્નેહ-સુધા--

લ્યો મીઠાંને મઘમઘતાં પુલ
કહો મુલ
મુલ એનાં અણુમૂલ
મારૂં જીવણ ધન ડૂલ.... ....લ્યો.
પરીમલ પ્રીતમ પ્યારનો શાચી જીવણ લ્હાણુ.
પ્રેમકાજ કુરબાન છે તનધન જીવન પ્રાણ
સુખ સ્રષ્ટીમાં અતુલ પ્રેમ માંહી વસુલ

(૨૬)

સ્નેહ-સુધા—

રસઘેલા છેડ કરશોમાં જાઓ જાઓ મને અડશોમાં
રસ ઘેલી રીસ કરશોમાં અંતરે રીસ ધરશોમાં
કોઈ જોશો પિયુ દૂર જાઓ
સુંદરી શીદ શરમાઓ
પ્રેમદા પ્રેમનો લેશું લ્હાવો
જાઓ જાઓ શીદ મુને સતાવો કોઈ.

[૨૭]

સર્વ— વિજય જય આજે થયો
થઇ કૃપા પ્રભુની
ઉરમાંહી આનંદ છવાયો
અવનિમાં સર્વદા દુષ્ટને મળે છે દંડ
ધર્મનો વિજય પામે પરાજય થયો—વિજય

સમાપ્ત.

જાહેર ખબર.

અમારી કંપનીનાં નીચલાં નાટકોનાં ગાયનોની ચોપડીઓ જ્યાં અમારો મુકામ હશે ત્યાંથી નીચલી કીંમતે રોકડેથી અથવા વેલ્યુપેબલ પાર્સલથી મંગાવ્યાથી મળશે.

ચોપડીનું નામ	કીંમત.
માલતી—માધવ	૦-૪-૦
માયા મોહિની	૦-૪-૦
સાગર—સરીતા	૦-૪-૦
મુદ્રાપ્રતાપ	૦-૪-૦
પિતૃભક્ત પ્રભાકર	૦-૪-૦
અનંગપદ્મા	૦-૪-૦
સ્નેહ—સુધા	૦-૪-૦
અમરકુમાર	૦-૪-૦
શુકદેવજી	૦-૪-૦